GJJN21001024
2024

આંક :–

મળ્યા તારીખ :– ૨૪/ ૧૦ / ૨૦૨૪
નોંધણી તારીખ :– ૨૪/ ૧૦ / ૨૦૨૪
ફેંસલ તારીખ :– ૧૦/૦૪/૨૦૨૬
અવધિ :– વર્ષ માસ દિવસ
**૦૧ ૦૫ ૧૭**

કેશોદના નામદાર બીજા એડિશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ,
મુ.કેશોદ.

ફોજદારી અપીલ નં.૫૧/૨૦૨૪.

વેસ્ટર્ન પ્રોટીનના પ્રો.
નરેન્દ્રભાઈ થોભણબાઈ ડઢાણીયા,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો–વેપાર,
રહે. જૂનાગઢ, ઠે. જી.આઈ.ડી.સી.–૧, એસ.બી.આઈ. બેન્કની પાછળ,
દોલતપરા, જિ. જૂનાગઢ. ..........એપલેન્ટ

વિરુદ્ધ

(૧) ગોકુલ ટ્રેડર્સના પ્રો.
જગદીશચંદ્ર હરજીવનદાસ ઉનડકડ,
ઉ.વ.આ.૬૦, ધંધો–વેપાર,
રહે. માળીયા હાટીના, જિ. જૂનાગઢ.
(૨) જિલ્લા સરકારી વકીલશ્રી,
જિલ્લા સરકારી વકીલશ્રીની કચેરી,
કોર્ટ કમ્પાઉન્ડ, કેશોદ. ..............રીસ્પોડન્ટ

બાબતઃ– મ્હે. માળીયા હાટીનાના મ્હે. જ્યુડી. મેજી.(ફ.ક) શ્રી સાહેબના તા.૨૫/૦૯/૨૦૨૪ ના રોજ ફોજદારી કેસ નં.૪૨૯/૨૦૨૨ ના કેસમાં આપેલ જજમેન્ટ વિરુદ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૭૪ (૩) હવેથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૧૫ હેઠળ કન્વીકશન અપીલ.

અરજદાર તરફે વિ.વ.શ્રી પી.આર.રૂપાપરા
સામાવાળા નં.૧ તરફે વિ.વ.શ્રી એસ.વી.દત્તા
સામાવાળા નં.૨ તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.કે.પારેખ

## ચુકાદો

(૧) હાલની અપીલ એપેલેન્ટે માળીયા હાટીનાના જ્યુડીસીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટના ફો.કે.નં.૪૨૯/૨૦૨૨ ના કામે તા.૨૫/૦૯/૨૦૨૪ ના રોજ આંક–૪૯ થી એપેલેન્ટને ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેસની સજા ભોગવવાનો તથા ફરિયાદીને રૂા.૪,૩૫,૩૫૩/– (અંકે રૂપિયા ચાર લાખ પાત્રીસ હજાર ત્રણસો ત્રેપન પુરા) આ કામના ફરિયાદીને વળતર પેટે ચુકવી આપવાનો હુકમ કરેલ હોય, જે હુકમથી નારાજ થઇ, દાખલ કરેલ છે.

(૨) મુળ ફરિયાદના કામે ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત જોતાં, ફરિયાદીના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકાના માળીયા હાટીના મુકામે રહે છે અને ગોકુલ ટ્રેડર્સના પ્રોપરાઈટર દરજ્જે અનાજનો હોલસેલ વેપાર ધંધો કરે છે અને સદરહુ વેપાર ધંધા સબબ GST NO.24AAFPU5812K1ZH થી જી.એસ.ટી. નંબર પણ ધરાવે છે. આ કામના આરોપી GST NO.24ANBPD809451ZV થી વેસ્ટર્ન પ્રોટીન નામથી કારખાનું ધરાવે છે અને કારખાનાના પ્રોપરાઈટર દરજ્જે હોલસેલમાં ઘઉંની ખરીદી કરી તેનો લોટ બનાવી વેપાર ધંધો કરે છે. આરોપી હોલસેલમાં ઘઉંની ખરીદી કરી તેમાંથી લોટ બનાવી તેનું વેચાણ કરવાનો વેપાર ધંધો કરતા હોય અને ફરિયાદી હોલસેલમાં અનાજનું વેચાણ કરતા હોય જેથી છેલ્લા એકાદ વર્ષથી સંપર્કમાં આવતા અનેક વખત ફરિયાદી પાસેથી હોલસેલમાં ઘઉંની ખરીદી કરતા જેથી ફરિયાદી સાથે આરોપીનો પરિચય થયેલ. આરોપી અવાર નવાર ઘઉં ખરીદ કરવા ફરિયાદીના સંપર્કમાં આવતા અને આરોપીને જરૂરીયાત મુજબ ટ્રક મારફત તેમના વેપાર ધંધાના સ્થળે ઘઉંની ડીલેવરી કરતા હોય જેના બીલની રકમ આરોપી સદર માલની ડીલેવરી મળ્યે ૧૦ થી ૧૨ દિવસમાં કરવાની રહેતી હોય ફરિયાદી પાસેથી ખરીદ કરેલ ઘઉં પેટે બીલની રકમ આરોપી ફરિયાદીના બેંક એકાઉન્ટમાં જમા કરાવતા હતા. આરોપીએ ફરિયાદી પાસેથી તા.૧૨/૧૨/૨૦૨૧ ના રોજ પ્રતિ કિવન્ટલના રૂા.૨,૧૫૦/– લેખે ૪૦૦ કટા ઘઉંની ખરીદી કરવાનો ઓર્ડર આપેલ જેની કુલ

કિંમત રૂા.૪,૩૬,૩૪૨/- થયેલ જેમાંથી વે-બ્રીજ વજન અને કવિન્ટલે ૩૦૦ ગ્રામ લેખે કાટા કસર બાદ કરતા નેટ રકમ રૂા.૪,૩૫,૩૫૩/- થયેલ. જે ઘઉં ફરિયાદીએ આરોપીને ટ્રક નં.જી.જે.- ૧૧-ઝેડ.-૯૯૨૧ થી મોકલી આપેલ જેની ડીલેવરી આરોપીને તા.૧૩/૧૨/૨૦૨૧ ના રોજ મળેલ. તેવી જ રીતે આરોપીએ ફરિયાદી પાસેથી તા.૧૯/૧૨/૨૦૨૧ ના રોજ પ્રતિ કવિન્ટલના રૂા.૨, ૧૨૫/- લેખે ૨૪૦ કટા ઘઉંની ખરીદી કરવાનો ઓર્ડર આપેલ જેની કુલ કિં મત રૂા.૨,૫૫,૦૦૦/- થયેલ હોય જેથીમાંથી વે-બ્રીઝ વજન અને કવિન્ટલ ૩૦૦ ગ્રામ લેખે કાટા કસર બાદ કરતા નેટ રકમ રૂા.૨,૫૦,૯૬૨/- થયેલ જે ઘઉં ફરિયાદીએ આરોપીને ટ્રક નં.જી.જે.-૩૨-ટી.-૨૯૨૪ થી મોકલી આપેલ જેની ડીલેવરી આરોપીને તા.૨૦/૧૨/૨૦૨૧ ના રોજ મળેલ. આરોપીએ ખરીદ કરેલ ઘઉંના હિસાબ પેટે ફરિયાદીને તા.૧૧/૦૧/૨૦૨૨ ના રોજનો રકમ રૂા.૪, ૩૫, ૩૫૩/- નો ચેક નં.૭૮૮૧૩૧ તથા તા.૧૯/૧૨/૨૦૨૧ ના રોજનો રકમ રૂા.૨,૫૯,૯૬૨/- નો ચેક નં.૭૮૮૧૪૩, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, આઝાદ ચોક બ્રાંચ, એમ.જી. રોડ જૂનાગઢના વેસ્ટર્ન પ્રોટીનના પ્રો. દરજજે ચેક આપેલ અને તેમાં આરોપીએ સદર ચેકના ખાતા ધારકના દરજજે તેમાં સહી કરેલ છે અને આરોપીએ ફરિયાદીને વિશ્વાસ ને ખાત્રી આપી કહેલ કે "તમો તમારા ખાતામાં સદરહુ ચેક જમા કરાવશો એટલે તમોના કાયદેસરના લેણા પેટેના રૂપિયા તમારા ખાતામાં જમા થઈ જશે." આરોપીએ ફરિયાદીને આપેલ ઉકત બે ચેક પૈકી ચેક નં.૭૮૮૧૩૧ તા.૧૧/૦૧/૨૦૨૨ ના રોજનો સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, આઝાદ ચોક બ્રાંચ, એમ. જી. રોડ જૂનાગઢનો રકમ રૂા.૪,૩૫,૩૫૩/- નો ફરિયાદીએ તેઓની માળીયા હાટીના મુકામેની સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં ચાલુ ખાતામાં તા.૧૭/૦૧/૨૦૨૨ ના રોજ જમા કરાવવા નાખતા સદરહુ ચેક તા.૧૭/૦૧/૨૦૨૨ ના રોજ ફંડસ ઈનસફીશીયન્ટના શેરા સાથે પરત ફરેલ છે, જેની જાણ ફરિયાદીને તેમની બેંકે તા.૧૭/૦૧/૨૨ ના રોજ કરેલ છે. આરોપીએ ફરિયાદીને તેના કાયદેસરના લેણા પેટે આપેલો ચેક ફં ડસ ઈનસફીશીયન્ટના શેરા સાથે વિના ચૂકવણીએ પરત ફરતા ફરિયાદીએ તેમના વકીલ મારફતે તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજ રજી.એ.ડી. પોસ્ટથી નોટિસ આરોપીને મોકલેલ, જે નોટિસ આરોપીને તા.૨૨/૦૧/૨૦૨૨ ના રોજ બજી ગયેલ તેમ છતાં પણ નોટિસનો કોઈ પ્રત્યુતર આપેલ નથી કે નોટિસમાં આપેલ દિન-૧૫ મુજબ

અરોપીએ ચેકવાળી લેણી રકમ ફરિયાદીને ચૂકવેલ નથી, જેથી આરોપીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ તથા ૧૪૨ મુજબ આરોપી સામે ધોરણસરની કાર્યવાહી કરવા ફરિયાદીએ ફરિયાદ દાખલ કરતા, ટ્રાયલ કોર્ટે ફરિયાદીનું સંજ્ઞાન લઈ, જે ફરિયાદ ફોજદારી કેસ નં.૪૨૯/૨૦૨૨ થી નોંધી, આરોપી સામે પ્રોસેસ ઈશ્યું કરવાનો હુકમ કરેલો.

(૩) ટ્રાયલ કોર્ટ ધ્વારા આરોપીને સમન્સની બજવણી થતા, આરોપી હાજર થયેલ, જેથી આરોપીને ફરિયાદ પક્ષના કેસ પેપર્સની વિના મુલ્યે નકલો આપવામાં આવેલી અને તેઓ વિરૂધ્ધના ગુના સંબંધે આંક ૨૭ થી આરોપીનો જવાબ/પ્લી લેતાં, આરોપીએ ગુનો કબુલ નહી હોવાનું જણાવતા, આરોપી વિરૂધ્ધ સદરહું ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલી.

(૪) ટ્રાયલ અદાલતમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો</u> :–**

(૧) આંક–૫ થી ફરિયાદી જગદીશચંદ્ર હરજીવનદાસ ઉનડકટનું સરતપાસનું સોગંદનામું

**<u>દસ્તાવેજી પુરાવાઓઃ–</u>**

(૧) આંક–૩૧ થી ગોકુલ ટ્રેડર્સનું તા.૧૨/૧૨/૨૧ ના રોજનું વેસ્ટર્ન પ્રોટીન્સના નામના બીલની સ્થળપ્રત
(૨) ગોકુલ ટ્રેડર્સનું તા.૧૨/૧૨/૨૦૨૧ ના રોજનું વેસ્ટર્ન પ્રોટીન્સના નામના બીલની સ્થળપ્રત
(૩) આરોપીએ ગોકુલ ટ્રેડર્સના નામ જોગ લખી આપેલ તા.૧૧/૦૧/૨૦૨૨ ના રૂા.૪,૩૫,૩૫૩/– નો ચેક નં.૭૮૮૧૩૧.
(૪) ચેક જમા કરાવ્યાની કાઉન્ટર સ્લીપ
(૫) ચેક રીટર્ન મેમો
(૬) ફરિયાદીએ વકીલ મારફત આરોપીને આપેલ નોટિસ
(૭) રજી. એ.ડી. ની વિન્ડો સ્લીપ
(૮) પોસ્ટલ ટ્રેકીંગ રિપોર્ટની નકલ
(૯) ફરિયાદીના ગોકુલ ટ્રેડર્સ નામની સંસ્થાનો ધણી અંગેના પ્રમાણપત્રની ખરી નકલ

ત્યારબાદ ફરિયાદી તરફે આંક–૪૧ થી ક્લોઝીંગ પુરસીસ રજૂ કરેલ છે. આરોપી પક્ષ તરફથી કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલ નથી.

(૫) ત્યારબાદ તમામ પુરાવાના અંતે આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, ત્યારબાદ બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલ અને ત્યારબાદ ચૂકાદો જાહેર કરવામાં આવેલ છે.

(૬) ટ્રાયલ અદાલતના હુકમથી નારાજ થઈ, એપેલન્ટ / આરોપીએ હાલની અપીલ દાખલ કરી, તેમજ અપીલ સાથે ક્રિ. પ્રો. કોડની કલમ ૩૮૯ અન્વયે ટ્રાયલ અદાલતનો હુકમ મોકુફ રાખી, અપીલની સુનાવણી કરી, આખરી નિકાલ કરવામાં આવે ત્યાં સુધી જામીન ઉપર મુકત કરવા અરજી ગુજારેલ છે, જે અરજી લગત નામદાર એડિશ્નલ સેશન્સ જજશ્રી, કેશોદનાઓએ હુકમ કરી, સજાનો હુકમ અપીલના નિર્ણય સુધી મોકુફ કરવાનો હુકમ કરી, રૂા. ૧૦,૦૦૦/– ના જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરેલ છે.

(૭) એપેલન્ટ/આરોપીના વિ.વ.શ્રી દ્વારા આંક–૧૮ થી રજૂ થયેલ હોય જે વંચાણે લીધી તેમજ રીસ્પોન્ડન્ટ/સામાવાળા નં.૧ (મૂળ ફરિયાદી) તરફે મૌખિક દલીલો કરવામાં આવેલ હોય જે ધ્યાને લીધી. જ્યારે હાલના કામે રિસ્પોન્ડન્ટ નં.૧ સરકાર પક્ષે વિ.એડી. પી.પી.શ્રી હાજર થયેલા છે પરંતુ તેઓ ફોર્મલ પાર્ટી હોય જેથી તેઓ તરફે યોગ્ય ન્યાયીક હુકમ કરવા રજૂઆત કરેલ છે.

બંન્ને પક્ષની દલીલો તથા પ્લીડીંગના આધારે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ટ્રાયલ અદાલતે ફો.કે.નં.૪૨૯/૨૦૨૨ ના કામે આરોપીને ધી નેગો. ઈન્સ. એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી, ૧ (એક) વર્ષની સાદી કેસની સજા ભોગવવાનો તથા ફરિયાદીને રૂા.૪,૩૫,૩૫૩/– (અંકે રૂપિયા ચાર લાખ પાત્રીસ હજાર ત્રણસો ત્રેપન પુરા) આ કામના ફરિયાદીને વળતર પેટે ચુકવી આપવાનો તા.૨૫/૦૯/૨૦૨૪ ના રોજ કરેલ છે તે હુકમ ખોટો, ગેરકાયદેસર અને કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધનો છે?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નં.૧ :-**

(૯) હાલના કામે બંને પક્ષે રજુઆત અને રેકર્ડ ધ્યાને લેતાં, આ કામના રીસ્પોન્ડન્ટ નં.૧ તે મુળ કામના ફરિયાદી છે અને આ કામના એપેલન્ટ તે મુળ કામના આરોપી છે, જેથી આ કામે હવે પછીની ચર્ચા ફરિયાદી તથા આરોપી તરીકે કરવામાં આવેલ છે.

(૧૦) આ કામે પક્ષકારોની દલીલ પુનરાવર્તન ન થાય તે હેતુથી ઉપરોકત ચર્ચા જરૂર પડે નીચે કારણોમાં ચર્ચા કરેલ છે. આ કામે અપીલનો ગુણદોષ ઉપર ચર્ચા કરતા પહેલા અપીલ કોર્ટ તરીકે આ અદાલત શું સત્તા પ્રાપ્ત થયેલ છે? તેની પ્રથમ ચર્ચા કરવી આવશ્યક છે, જયારે પણ ટ્રાયલ કોર્ટ કોઈપણ પ્રકારની કાર્યવાહી ચલાવી ચુકાદો આપે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે અથવા સજા કરવામાં આવે ત્યારે તે આદેશને ન્યાયોચિત છે કે કેમ? તેની ચકાસણી કરવા માટે અપીલનો પ્રબંધ કરવામાં આવેલ છે. અપીલ તબકકે ફરિયાદ પક્ષ તેમજ આરોપી પક્ષને સાંભળવાની તક અપીલ અદાલતે કાયદાની દ્રષ્ટિએ તેમજ કુદરતી ન્યાયના સિંધ્ધાતની દ્રષ્ટિએ આપવી આવશ્યક છે. અપીલ અદાલતે ટ્રાયલ કોર્ટે જો કોઈ ભૂલ કરેલ હોય તો સુધારવાની છે અથવા કોઈ ખામી રહી ગયેલ હોય તો નિવારવાની છે અને ન્યાયનો હેતુ જળવાઈ તે જોવાની અપીલ અદાલતની ફરજ છે. અપીલ કરવા માટેની જોગવાઈ વિધાન તંત્ર દ્વારા આપવામાં આવેલ કાયદા મુજબનો અધિકાર છે, તે સંજોગોમાં અપીલ અદાલતે પોતાની મળેલ સત્તાનું ચુસ્તપણે પાલન કરવુ જોઈએ. અપીલ ચલાવતી અદાલતને વિશિષ્ટ

સત્તાઓ આપવામાં આવેલ છે, તેમ છતાં, સાથે એકરૂપતા જળવાઈ રહે તેવા આશયથી ક્રિ. પ્રો. કોડ કલમ–૩૮૬ માં જોગવાઈ કરવામાં આવેલી છે. આ કલમ હેઠળ આપેલ સત્તાથી બહાર અપીલ અદાલત જઈ શકે નહી. આ કલમમાં અપીલ અદાલતને અપીલની કાર્યવાહીમાં શું સત્તા છે અને કેવો આદેશ કરી શકે તેવો પ્રબંધ કરવામાં આવેલ છે. સૌ પ્રથમ તો ક્રિ. પ્રો. કોડ કલમ–૩૮૫ હેઠળ કરવામાં આવેલ જોગવાઈનું પાલન કરવાનુ રહે છે. અપીલ અદાલત સંક્ષિપ્ત રીતે અપીલ રદ્દ ન કરે, ત્યારે ટ્રાયલ કોર્ટનું રેકર્ડ અપીલના નિર્ણય માટે પહેલા મંગાવવુ જરૂરી છે. સજાની જામીન અપીલમાં એપેલન્ટ અને રીસ્પોન્ડન્ટને સાંભળ્યા બાદ અને રેકર્ડની ચકાસણી કર્યા બાદ ટ્રાયલ કોર્ટે આપેલ ચૂકાદામાં હસ્તક્ષેપ કરવાના પુરતા કારણો નથી તેવા નિર્ણય ઉપર અપીલ અદાલત આવે, ત્યારે અપીલ અદાલતે અપીલ રદ્દ કરવાની રહે છે. અપીલ અદાલતે શાં માટે પુરતા કારણો નથી તે કારણની નોંધ પોતાના ચૂકાદામાં કરવાની રહે છે. અપીલ અદાલત પુરાવાની અથવા સંપૂર્ણ પુરાવાની ફેર ચકાસણી કરી શકે છે અને ટ્રાયલ કોર્ટે પુરાવાનું મુલ્યાકન કરવામાં ભૂલ કરી છે અથવા કાયદા મુજબ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ નથી તેવા તારણ ઉપર આવે ત્યારે તેવા પ્રસંગે ટ્રાયલ કોર્ટનો આદેશ ફેરવી શકે છે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરી શકે છે. અપીલ અદાલત વિશેષ તપાસ કરવા માટે અથવા આરોપી સામે નવેસરથી કાર્યવાહી ચલાવવા માટે આદેશ આપી શકે છે અથવા ન્યાયના હિતમાં તે આવશ્યક હોય તો જ અપીલ અદાલતે કરવું જોઈએ કારણ કે એક જ ગુના અંગે બે વખત ઈન્સાફી કાર્યવાહી ચલાવવી ન પડે અને આરોપીને નવસેરથી ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરવો ન પડે. ટ્રાયલ કોર્ટે તેના સમક્ષ રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરેલ હોય તેને કોઈપણ પ્રકારના કારણ વગર કે હળવાશથી લઈ ફેરવી નાંખવુ ન જોઈએ, પરંતુ ન્યાયનો હેતુ માર્યો જાય છે તેવું અદાલતને લાગે તો ટ્રાયલ કોર્ટના ચૂકાદામાં હસ્તક્ષેપ કરવો જોઈએ.

**(૧૧)** ક્રિ. પ્રો. કોડની કલમ–૩૮૬ મુજબ અપીલ અદાલતની સત્તામાં નામદાર અપીલ અદાલત ટ્રાયલ અદાલત સમક્ષ રજુ થયેલ પુરાવાનું પુન:મૂલ્યાંકન કરી શકે છે. નામદાર સુપ્રીમ કોર્ટે આ અન્વયે નીચે મુજબના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે.

**Geeta Devi Versus State Of Uttar Pradesh; 2022 (0) AIJEL-SC 68226**

Code of Criminal Procedure, 1973 - S. 378 - Indian Penal Code, 1860 - S. 354, 504, 506 - Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989 - S. 3(1)(x), 3(1)(xi) - dismissal of appeal against acquittal - challenged - duties of first Appellate Court - held, High Court not at all discussed or re-appreciated entire evidence on record - High Court has only made general observations on the deposition of witnesses examined - however, there is no re-appreciation of entire evidence on record in detail, which ought to have been done by High Court, being a first Appellate Court - decision of High Court being totally erroneous is set aside - matter remanded - appeal allowed.

**(૧૨)** સૌ પ્રથમ હાલની ફરિયાદ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ના ગુના અન્વયેની હોય, આ તબકકે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ વંચાણે લેવી જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

***138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the accounts.*** *- Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of*

*money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceed the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offense and and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both :*

*Provided that nothing contained in this section shall apply unless-*

***(a)*** *the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier ;*

***(b)*** *the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice, [within thirty days] of the receipt of information by him from the Bank regarding the return of the is unpaid, and*

***(c)*** *the drawer of such cheque fails to make the payment of the said amount of money to the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.*

***Explanation*** *- For the purpose of this section, "dept or other liability" means a legally enforceable dept or other liability.]*

આ કામે રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાલ આ બીનતકરારી હકીકત રહે છે કે, આ કામે ફરિયાદવાળો ચેક તા.૧૧/૦૧/૨૦૨૨ ના રોજનો છે તથા સદર ચેક બેન્કમાં વટાવવા જતા, તે તા.૧૭/૦૧/૨૦૨૨ ના રોજના ફંડસ ઈનસફીશીયન્ટના શેરા સાથેના બેન્ક મેમો સાથે પરત ફરેલ છે. વધુમાં જોઈએ તો આ કામે ચેક પરત ફર્યાની જાણ થયા બાદ ફરિયાદી તરફે તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજની નોટિસ આરોપીને પોસ્ટથી મોકલવામાં આવેલ છે તથા પોસ્ટલ સ્લીપ તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજની આંક–૩૬ થી રજૂ થયેલ છે તથા પોષ્ટની એકનોલેજમેન્ટ સ્લીપ આંક–૩૭ થી રજૂ થયેલ છે, ત્યારબાદ તા.૨૧/૦૨/૨૦૨૨ ના રોજ ફરિયાદીએ આ બાબતે ફરિયાદ દાખલ કરેલ છે. આ

તમામ હકીકતો બિનતકરારી રહેલ છે.

**(૧૩)** આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ વંચાણે લેતાં, તેમાં જ અમુક સંજોગો જણાવવામાં આવેલ છે અને જો તે સંજોગો ફરિયાદ હકીકતોમાં ઉપલબ્ધ ન હોય તો, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ લાગુ પડે નહી. આથી તે સંજોગો હાલની ફરિયાદમાં છે કે નહી? તેની ચકાસણી કરવાની થાય છે, જે અંગેની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવે છે.

**(૧૪)** ઉપરોકત ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮માં જણાવેલ શરત (એ) અન્વયે જોઈએ તો, આ કામે ફરિયાદવાળો ચેક તા. ફરિયાદવાળો ચેક તા.૧૧/૦૧/૨૦૨૨ ના રોજનો છે તથા સદર ચેક બેન્કમાં વટાવવા જતા, તે તા.૧૭/૦૧/૨૦૨૨ ના રોજના ફંડસ ઈનસફીશીયન્ટના શેરા સાથેની બેન્ક મેમો સાથે પરત ફરેલ છે, જેથી સ્પષ્ટ છે કે ચેકમાંની તારીખથી ત્રણ મહિનાની સમય મર્યાદા અંદર સદર ચેક બેન્કમાં વટાવવા માટે રજુ કરવામાં આવેલ છે, જેથી સદર ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮માં જણાવેલ શરત (એ) સંતોષાય છે.

**(૧૫)** ઉપરોકત ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮માં જણાવેલ શરત (બી) અન્વયે જોઈએ તો, ફરિયાદવાળો ચેક બેન્કમાં વટાવવા જતા તે તા.૧૭/૦૧/૨૦૨૨ ના રોજના ફંડસ ઈનસફીશીયન્ટના શેરા સાથે પરત ફરેલ છે તથા આ કામે ચેક પરત ફર્યાની જાણ થયા બાદ ફરિયાદી તરફે તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજની નોટિસ આરોપીને પોસ્ટથી મોકલવામાં આવેલ છે તથા પોસ્ટલ સ્લીપ તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજની આ કામે આંક–૩૭ થી તથા સદર નોટીસ બજી ગયાનો તા.૨૨/૦૧/૨૦૨૨ ના રોજની પોસ્ટ એકનોલેજમેન્ટ સ્લીપ રજુ થયેલ છે. આમ, ચેક પરત ફર્યાની જાણ થયાના દિન–૩૦ ની અંદર ફરિયાદીએ આરોપીને તે અંગે નોટિસ મોકલેલ હોય, જેથી સદર

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮માં જણાવેલ શરત (બી) સંતોષાય છે.

**(૧૬)** ઉપરોકત ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮માં જણાવેલ શરત (સી) અન્વયે જોઈએ તો, આ કામે પોસ્ટલ સ્લીપ તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજની આ કામે આંક ૩૬ થી રજુ થયેલ છે તથા તા.૨૨/૦૧/૨૦૨૨ ના રોજની પોસ્ટ એકનોલેજમેન્ટ સ્લીપ રજુ થયેલ છે જેના સદરહું નોટિસ આરોપીના સરનામે તા.૨૨/૦૧/૨૦૨૨ ના રોજ બજી ગયેલાનું જણાય આવે છે અને ત્યારબાદ તા.૨૧/૦૨/૨૦૨૨ ના રોજ ફરિયાદીએ આ બાબતે ફરિયાદ દાખલ કરેલ છે અને જણાવેલ છે કે, આ કામે આરોપીએ તેઓને ચેકની રકમની ચુકવણી કરેલ નથી. આથી માનવાનું કારણ રહે છે કે, આરોપીએ નોટિસની બજવણીથી દિન–૧૫ માં ચેકની રકમ ફરિયાદીને આપેલ નથી. આથી સદર ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮માં જણાવેલ શરત (સી) સંતોષાય છે.

**(૧૭)** વધુમાં જોઈએ તો ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૨ નીચે મુજબ છે.

**Section 142. Cognizance of offences.**

*[1][(1)] Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973 (2 of 1974),*

*(a) no court shall take cognizance of any offence punishable under section 138 except upon a complaint, in writing, made by the payee or, as the case may be, the holder in due course of the cheque;*

*(b) **such complaint is made within one month of the date on which the cause of action arises** under clause (c) of the proviso to section 138:*

*[2][Provided that the cognizance of a complaint may be taken by the Court after the prescribed period, if the complainant satisfies the Court that he had sufficient cause for not making a complaint within such period;]*

*(c) no court inferior to that of a Metropolitan Magistrate or a Judicial Magistrate of the first class shall try any offence punishable under section 138.].*

[3][(2) xxx

ઉપરોકત કલમમાં ફરિયાદ દાખલ કરવા માટે સમય મર્યાદા આપવામાં આવેલ છે, જે સંદર્ભે જોઈએ તો, આ કામે પોસ્ટલ એકનોલેજમેન્ટ સ્લીપ તા.૨૨/૦૧/૨૦૨૨ ના રોજની નોટિસ આરોપીને બજી ગયાની આંક–૩૭ થી રજૂ થયેલ છે તથા સદર નોટિસ આરોપીને મોકલ્યા અંગેનો પોસ્ટની આર.પી.એ.ડી.ની સ્લીપ આંક–૩૬ થી રજૂ થયેલ છે અને ત્યારબાદ તા.૨૧ /૦૨/૨૦૨૨ ના રોજ ફરિયાદીએ આ બાબતે ફરિયાદ દાખલ કરેલ છે. આથી સ્પષ્ટ છે કે, નોટિસની બજવણી થયા બાદ દિન–૧૫માં આરોપીએ ચેકની રકમની ચુકવણી ફરિયાદીને ન કરતા, ત્યારબાદના દિન–૩૦ ની સમય મર્યાદામાં હાલની ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. આથી હાલની ફરિયાદ ઉપરોકત કલમમાં જણાવેલ સમય મર્યાદામાં દાખલ થયેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

(૧૮) વધુમાં, આ કામે આરોપીના ખાતાનો ચેક આરોપીની સહી સાથે ફરિયાદીએ રજુ કરેલ હોય, જેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળની કાર્યવાહીમાં સદર કાયદાની કલમ–૧૩૯ મુજબ અનુમાન કરવાનું રહે છે કે, આરોપીએ કાયદેસરના લેણા પેટે ચેક આપેલ છે અને તે અનુમાનનું ખંડન આરોપીએ કરવું પડે એટલે પુરાવાનો બોજો આરોપીના શીરે રહેલ છે. આરોપીએ સદર અનુમાનનું ખંડન ફરિયાદ પક્ષના સાહેદોની ઉલટ તપાસ અથવા તો પોતાના પુરાવા રજુ કરીને કરી શકે તથા તેઓએ દર્શાવવું પડે કે, કયાં સંજોગોમાં તેઓનો ચેક ફરિયાદી પાસે ગયેલ. આમ, આ કામે ફરિયાદીએ રજુ કરેલ પુરાવાઓ ઉપરથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ અનુમાન કરવાનું રહે છે કે, આરોપીએ કાયદેસરના લેણા પેટે ચેક આપેલ છે અને માત્ર એટલી જ હકીકત જોવાની રહે છે કે, સદર અનુમાનનું આ કામે આરોપી ખંડન કરી શકેલ છે કે કેમ? જે અંગે હવે પછીના ફકરાઓમાં ચર્ચા કરવામાં આવે છે.

(૧૯) હાલના કામે એપેલેન્ટ તરફે એવો બચાવ લેવામાં આવેલ છે કે, ફરિયાદીની આંક–૫ નીચે વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદીએ

નીચે મુજબની હકીકતો જણાવેલ છે.

*– આ કેસ કર્યા પછી આરોપીએ ફરીયાદીના રૂા. ૨,૮૬,૩૧૫/– જમા કરાવેલા છે.*

*– આ રકમ હાલના કેસમાં વહેવાર પેટેની જમા થયેલ છે.*

*– ફરીયાદીને માલ મોકલવાનો અને આરોપીએ ૧૦–૧૨ દીવસમાં પેમેન્ટ કરી દેવાનું એવી કન્ડીશનથી તેઓ ધંધો કરતા હતા.*

*– ફરીયાદી આરોપી સાથે ઉધારમાં વેપાર કરે છે.*

*–આરોપીએ ફરીયાદીને માલનો ઓર્ડર કઇ તારીખે અને કેટલી રકમનો આપેલ હોય તેનો ફરીયાદી પાસે કોઇ લેખીત આધાર પુરાવો નથી.*

*– ફરીયાદીએ આરોપીને માલ આરોપીના સરનામે પહોંચાડી દીધેલ હોય તેવો ફરીયાદી પાસે કોઇ આધાર પુરાવો નથી ફરીયાદી પાસે માત્ર વેબ્રીજની સ્લીપ છે.*

*–વેબ્રીજની સ્લીપમાં માલ કોને પહોંચાડવો તે લેખલ હોતું નથી.*

*– આરોપીએ વેસ્ટર્ન પ્રોટીન પ્રો.ના દરજ્જે ખાતા ધારક તરીકે ફરીયાદીને સહી કરીને ચેક આપેલ છે.*

*– ફરીયાદીએ તા. ૧૯/૧૨/૨૦૨૧ના રોજ આરોપીએ માલ મોકલેલ છે.*

*–એ વાત ખરી નથી કે, ફરીયાદી પાસે આરોપીનો સીકયુરીટી પેટે પડેલ ચેકની ખોટી ફરીયાદ આપી હાલનો આ કેસ દાખલ કરેલ છે.*

**(૧૯.૧)** આમ, ફરીયાદીની ઉલટતપાસમાં આરોપીએ પોતાના બચાવમાં એવો કેસ મુકેલ છે કે, ફરીયાદી પાસે આરોપીનો સીકયુરીટી પેટે પડેલ ચેકની ખોટી ફરીયાદ આપી હાલનો આ કેસ દાખલ કરેલ છે જેનો ફરીયાદીએ ઇન્કાર કરેલ છે. આમ, આરોપીના બચાવ જોતાં સદર ચેક આરોપીના ખાતાનો જ છે તેમ ફલિત થાય છે અને તેઓના કથન મુજબ તે ચેક તેઓએ ફરીયાદીપાસે સીકયુરીટી પેટે આપેલ હતા તેવું તેઓનો બચાવ જણાઇ આવે છે. હવે જયારે ફરીયાદી સીકયુરીટી પેટે ચેક લેવાની હકીકતોનો ઇન્કાર કરતા હોય ત્યારે ખરેખર આ ચેક આરોપીએ સીકયુરીટી પેટે આપેલ હોય તે હકીકત પુરવાર કરવા આરોપીએ પોતે સાક્ષી તરીકે પુરાવો આપેલ નથી તથા પોતાની ઉલટતપાસ માટે પોતાને સાક્ષી બોકસમાં હાજર

રાખેલ નથી. તેમજ અન્ય કોઇ વ્યકિત કે જેની સામે આવા સીકયુરીટી પેટે ચેક તેઓએ આપેલ હોય તો તેવા વ્યકિતના નામ જણાવતા નથી કે અન્ય કોઈ વિગત જેમ કે કઇ તારીખે, કઇ જગ્યાએ, કેટલા રૂપિયા ભરીને અથવા તો બ્લેન્ક ચેક તેઓએ ફરીયાદીને આપેલ અને ત્યારે કે ફરીયાદી સાથે તેઓએ શું શરતો રાખેલ તે પણ જણાવતા નથી. હવે જયારે આરોપીનો બચાવ એવો હોય કે, તેઓએ આપેલ સીકયુરીટી પેટેના ચેકનો દુરુપયોગ થયેલ છે અને તે હકીકત ફરીયાદી સ્વીકારતા ન હોય તથા ફરીયાદીના પુરાવાથી પુરવાર થતી ન હોય ત્યારે તે હકીકતો આરોપીએ પુરવાર કરવી પડે. પરંતુ આ હકીકતો પુરવાર કરવા આરોપી તરફે કોઇ પ્રયત્ન કરવામાં આવેલ નથી.

**(૧૯.૨)** હાલની અપીલ વંચાણે લેતાં, આરોપી/એપેલન્ટે ફરીયાદી પોતે ગોકુલ ટ્રેડર્સના પ્રોપરાઇટર છે કે કેમ તેવી તકરાર લીધેલ છે જે સંદર્ભે જોઇએ તો ફરીયાદીએ ટ્રાયલ કોર્ટ સમક્ષના પુરાવામાં તે અંગે સ્પષ્ટ હકીકતો જણાવેલ છે પરંતુ તેઓની ઉલટતપાસમાં આ હકીકતોથી વિરુદ્ધ કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આરોપીના સદર બચાવ ધ્યાને લેવા પાત્ર રહેતા નથી.

**(૧૯.૩)** વધુમાં ફરીયાદી પાસે આરોપીને માલ પહોંચી ગયા અંગેનો આધાર પુરાવો તેમજ ધંધાકીય રીતે એગ્રીમેન્ટ થયેલા બાબત, લેઝર એકાઉન્ટ રોજમેળ, આઇ.ટી. રીટર્ન રજૂ કરવા બાબતના પ્રશ્નો પણ ઉપસ્થિત કરવામાં આવેલ છે. પરંતુ ફરીયાદી સાથે આરોપીના જો મૌખિક કરાર થયેલ જ ન હતા તો આરોપીએ કેમ પોતાના ખાતાનો ચેક ફરીયાદીને આપેલ તે બાબતેની સ્પષ્ટતા આરોપી પોતે કરતા નથી અને તે જ હકીકત દર્શાવે છે કે, બંને પક્ષકારો વચ્ચે માલ સામાનના લેતીદેતીનો સબંધ હતો. વધુમાં જો આરોપી એમ કહેવા માંગતા હોય કે તેઓને માલ મળેલ જ નથી તો તે હકીકત પુરવાર કરવા તેઓ પોતે વિટનેસ બોકસમાં આવી શકતા હતા. ખાસ કરીને કે જયારે આરોપીના ચેક ફરીયાદી પાસે હોય અને ફરીયાદી જણાવતા હોય કે તેઓ સીકયુરીટી પેટે ચેક લેતા ન હતા ત્યારે તે ચેક માલ સામાન મળી ગયા બાદ જ આરોપીએ આપેલ હોવાનું માનવાને કારણ રહે છે. તેમજ તે માલના વજન વિગેરે બાબતેની તકરારો પણ ટકવા પાત્ર રહેતી નથી. વધુમાં ફરીયાદીની ઉલટતપાસ વંચાણે લેતાં લેઝર એકાઉન્ટ રોજમેળ, આઇ.ટી. રીટર્ન રજૂ કરવા બાબતે પુછવામાં આવેલ પ્રશ્ન જવાબમાં ફરીયાદીએ નીચે મુજબની

હકીકત જણાવેલ છે.

*– હું સ્ટોક પત્રક આ કામે જરૂર પડશે તો રજૂ કરીશ.*

*– મેં આરોપીના ખાતામાં કોઈ રોજમેળ લેજર એકાઉન્ટ કે આઈ.ટી. રીટર્ન રજૂ રાખેલ નથી.*

આમ, સદર કોઈ પણ દસ્તાવેજી પુરાવો ફરીયાદી પાસેથી રજૂ કરાવવા આરોપીએ કોઈ અરજી કરેલ નથી કે તેઓની ઉલટતપાસમાં પણ આવતી મુદતે રજૂ કરાવવા આગ્રહ રાખેલ નથી. આથી આ દસ્તાવેજો ન થવાથી ફરીયાદી વિરુદ્ધનું કોઈ અનુમાન કરી શકાય નહી.

**(૨૦)** આમ, ફરીયાદીના પુરાવાથી જે ખંડનાત્મક પુરાવાનો બોજો આરોપી પર શીફટ થયેલ છે તે ખંડનાત્મક પુરાવા આરોપી પક્ષ રજુ કરી શકેલ નથી અને ફરીયાદની હકીકત સાબિત કરવામા ફરીયાદી સફળ રહેલ હોય આરોપી વિરૂધ્ધ નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો નિ:શંકપણે સાબિત થાય છે.

**(૨૧)** આમ અપીલ અદાલતે ઉપરોકત પુરાવાની વિગતવાર કરેલ ચર્ચા મુજબ ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ સાબિત કરવામાં સફળ નિવડેલ છે, જેથી ટ્રાયલ કોર્ટના હુકમમાં હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા જણાય આવતી નથી અને ટ્રાયલ કોર્ટે આરોપીને સજાનો જે હુકમ કરેલ છે તે કાયમ કરવો યોગ્ય જણાતુ હોય **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી, **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## – : : <u>આખરી હુકમ</u> : : –

(૧) હાલની ફોજદારી અપીલ આથી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) માળીયા હાટીનાના મ્હે. જ્યુડી. મેજી.(ફ.ક) શ્રી સાહેબના તા.૨૫/૦૯/૨૦૨૪ ના રોજ ફોજદારી કેસ નં.૪૨૯/૨૦૨૨ ના કેસ ના કામે આંક–૪૯ થી તા.૨૫/૦૯/૨૦૨૪ ના રોજ હાલના

એપેલન્ટ/આરોપી વિરુદ્ધ કરેલ હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

(૩) હાલના એપેલન્ટ/આરોપીને એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓ ટ્રાયલ કોર્ટે કરેલ સજાના હુકમની અમલવારી માટે દીન–૭ માં ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર થવું અને એપેલન્ટ/આરોપીએ હાજર થયેથી ટ્રાયલ કોર્ટે તેઓને જયુડિશ્યલ કસ્ટડીમાં લઇ સજા ભોગવવા માટે સજા વોરંટ ભરીને જેઈલ તરફ મોકલી આપવાનો અને જો એપેલન્ટ/આરોપીએ દીન–૭ માં ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર ન થાય તો ટ્રાયલ કોર્ટે હાલના એપેલન્ટ/આરોપી વિરુદ્ધ વોરંટ કાઢી જયુડિશ્યલ કસ્ટડીમાં લઇ સજા ભોગવવા માટે સજા વોરંટ ભરીને જેઈલ તરફ મોકલી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૪) આ હુકમની ખરી નકલ તથા અસલ રેકર્ડ ટ્રાયલ કોર્ટને મોકલી આપવું.

આ હુકમ આજ તારીખ ૧૦મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ.કેશોદ,
તા.૧૦/૦૪/ ૨૦૨૬.

( સંજય ધ્રુવકુમાર પાંડેય )
**બીજા એડિશ્નલ સેશન્સ જજ,**
**કેશોદ.**
જીજે૦૦૫૭૯.